પરમાણુ હથિયારોનો ઉપયોગ કરવાની પાકિસ્તાનની ચિમકી

ઈસ્લામાબાદ,તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કેન્દ્રમાં રહેલી ભાજપ સરકાર દ્વારા સંબંધો સુધારવા માટે લેવામાં આવી રહેલા પગલા છતાં પાકિસ્તાન વારંવાર તેનું જિદ્દી વલણ દર્શાવી રહ્યું છે અને પોતાની નબળાઈઓ દર્શાવી રહ્યું છે. પાકિસ્તાને આજે ફરી એકવાર ઉશ્કેરણીજનક નિવેદન કરતા ધમકીના સ્વરુપમાં કહ્યું હતું કે, જો જરૂર પડશે તો તે પરમાણુ શસ્ત્રોનો ઉપયોગ પણ કરી શકે છે. પાકિસ્તાનના સંરક્ષણમંત્રી ખ્વાજા આશીફ દ્વારા કરવામાં આવેલા નિવેદનથી ભારે ખળભળાટ મચી ગયો છે. તેમના બિનજવાબદારીપૂર્વકના નિવેદનની સમગ્ર વિશ્વમાં નોંધ લેવામાં આવી છે. આંતકવાદ મારફતે દેશમાં પ્રોક્સીવોર છેડવાનો ભારત ઉપર આક્ષેપ કર્યો છે. તેમણે કહ્યું છે કે, જો જરૂર પડશે તો અમારા અસ્તિત્વ માટે પરમાણુ હથિયારોનો ઉપયોગ પણ અમે કરી શકીએ છીએ. આશીફે જીઓ ન્યુઝચેનલને આપેલી મુલાકાતમાં કહ્યું હતું કે, પરમાણુ હથિયારોનો ઉપયોગ હંમેશા એક વિકલ્પ તરીકે રહ્યો છે. કારણ કે, આતંકવાદનો ખતરો રહેલો છે. તેમણે કહ્યું હતું કે, અમે એવી પ્રાર્થના કરીએ છીએ કે, આ વિકલ્પનો ઉપયોગ કરવાની સ્થિતિ ક્યારે પણ ઉભી ન થયા પરંતુ જો આવી સ્થિતિ ઉભી થશે તો અમારા અસ્તિત્વ માટે પરમાણુ હથિયારોનો ઉપયોગ પણ કરવામાં આવશે. ખ્વાજાએ કહ્યું હતું કે, પાકિસ્તાનમાં ભારતના પ્રોક્સીવોરના કારણે ભારે સમસ્યા ઉભી થઈ રહી છે. આતંકવાદને પ્રત્યક્ષ અથવા તો પરોક્ષરીતે પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. પાકિસ્તાને આડેધડ આ નિવેદન કરી દીધું છે. સમગ્ર વિશ્વ આતંકવાદના સકંજામાં ગ્રસ્ત છે ત્યારે પાકિસ્તાને આ પ્રકારનું નિવેદન કર્યું છે. પાકિસ્તાન ત્રાસવાદના હબ તરીકે ગણવામાં આવે છે. પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પો હજુ પણ ચાલી રહ્યા છે જેના વારંવાર પુરાવા આપવામાં આવી ચુક્યા છે. ઉપરાંત કુખ્યાત આતંકવાદીઓ પાકિસ્તાનમાં સ્વતંત્રરીતે ફરી રહ્યા છે તે બાબતની પણ નોંધ લેવામાં આવી ચુકી છે. પાકિસ્તાનમાં ત્રાસવાદીઓ સામે કોઈ પગલા ન લેવાતા ભારતે આની સામે વાંધો પણ ઉઠાવ્યો છે. પાકિસ્તાનમાં જે આતંકવાદીઓ છુપાયેલા છે તેમાં હાફીજ સઈદ, લખવી અને અન્ડરવર્લ્ડ ડોન દાઉદ ઈબ્રાહીમનો સમાવેશ થાય છે. પાકિસ્તાનમાં સુરક્ષિતરીતે ત્રાસવાદીઓને જગ્યાઓ મળેલી છે તેવા આક્ષેપો પણ ભૂતકાળમાં થતા રહ્યા છે. મુંબઈ હુમલાના માસ્ટરમાઈન્ડ લખવીના સંદર્ભમાં અનેક વખત પુરાવા પણ આપવામાં આવી ચુક્યા છે પરંતુ પાકિસ્તાને આતંકવાદીઓ પ્રત્યે હળવું વલણ અપનાવ્યું છે.

વન રેન્ક વન પેન્શનને તરત અમલી કરવા જોરદાર માંગ

રાલેગણ સિદ્ધી,તા. ૮

જાણિતા સામાજિક કાર્યકર અને ભ્રષ્ટાચારવિરોધી જંગ છેડનાર લીડર અણ્ણા હઝારેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને શક્ય તેટલી વહેલી તકે વન રેન્ક વન પેન્શનને અમલી બનાવવા માટે અપીલ કરી છે અને કહ્યું છે કે, જો આને શક્ય તેટલી વહેલી તકે અમલી બનાવવામાં નહીં આવે તો આ મુદ્દા ઉપર રાષ્ટ્રવ્યાપી આંદોલનન ચલાવવામાં આવશે. મિડિયા અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે, પીઢ સામાજિક કાર્યકર અણ્ણા હઝારેએ ગઈકાલે પત્ર લખ્યો છે. અમે સૈનિકો અને ખેડૂતોની ગંભીર નોંધ લઈએ તે ખુબ જરૂરી છે. તેમના કલ્યાણની માત્ર જાહેરાતોથી કામ ચાલશે નહીં. વાસ્તવિક આધાર પર કંઈ કરવું પડશે. પોતે સેનાના પૂર્વ જવાન રહી ચુકેલા અણ્ણા હઝારે સૈનિક તરીકે ૧૫ વર્ષ સુધી ફરજ બજાવી ચુક્યા છે. તેઓ ૧૯૬૩માં ભારતીય સેનામાં સામેલ થયા હતા. જમ્મુ કાશ્મીર, આસામ, સિક્કિમ, ભુટાન, મિઝોરમ સહિત કેટલાક ચાવીરુપ રાજ્યોમાં તેઓ ફરજ બચાવી ચુક્યા છે. ૧૯૬૫માં ભારત પાકિસ્તાન યુદ્ધ દરમિયાન પણ તેઓ ભારતીય સેનામાં હતા. અણ્ણાએ ચેતવણી આપતા કહ્યું છે કે, જો સરકાર વહેલીતકે આ સ્કીમને અમલી બનાવવા માટેની તારીખ જાહેર નહીં કરે તો આંદોલન છેડવામાં આવશે. ભારતભરમાં નિવૃત્ત સેનાના જવાનો પહેલાથી જ દેખાવ કરી ચુક્યા છે. અગાઉ સરકારે ભારપૂર્વક કહ્યું હતું કે, સરકાર ઓઆરઓપીને લઈને કટિબદ્ધ છે. તેના અમલીકરણ માટે ૮૩૦૦ કરોડ રૂપિયા મુકવામાં આવ્યા છે પરંતુ સમય મર્યાદા આપવામાં આવી ન હતી. ઓઆરઓપી વડાપ્રધાનના મુખ્ય ચૂંટણી વચનો પૈકીના એક તરીકે છે. વર્ષ ૨૦૧૪માં સામાન્ય ચૂંટણી યોજાઈ ત્યારે મોદીએ આ મુદ્દો જોરદારરીતે ઉઠાવ્યો હતો. આ સ્કીમમાં એવી ખાતરી કરવામાં આવી છે કે, એક જ રેંક સાથે અને સર્વિસની એક જ અવધિ સાથે નિવૃત્ત થયેલા સંરક્ષણ જવાનોને એકસમાન પેન્શન ચુકવવામાં આવશે. આશરે ૨૫ લાખ પૂર્વ સૈનિકને આ સ્કીમનો લાભ મળે તેમ માનવામાં આવે છે. આ ઉપરાંત છ લાખ યુદ્ધ વિધવાઓને પણ આનો લાભ મળશે.

વ્યાપમ કાંડમાં CBI તપાસની મધ્યપ્રદેશની અરજીને ફગાવાઈ

નવીદિલ્હી,તા. ૮

મધ્યપ્રદેશ હાઈકોર્ટે વ્યાપમ કેસમાં સીબીઆઈ તપાસ માટેની મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણની અરજી ઉપર સુનાવણી કરવાનો ઈન્કાર કરી દીધો હતો. મધ્યપ્રદેશ હાઈકોર્ટે કહ્યું હતું કે, આવી જ અરજી સુપ્રીમ કોર્ટમાં પહેલાથી જ પેન્ડિંગ પડેલી છે. ૯મી જૂનના દિવસે આના ઉપર સુનાવણી હાથ ધરવામાં આવનાર છે. બીજી બાજુ મધ્યપ્રદેશના શિવરાજસિંહ ચૌહાણે આજે કહ્યું હતું કે, વ્યાપમ કૌભાંડમાં સીબીઆઈ તપાસ માટે તેઓ સુપ્રીમ કોર્ટને વિનંતી કરશે. શિવરાજસિંહ ચૌહાણે વિરોધ પક્ષોની જોરદાર ઝાટકણી કાઢી હતી. કારણ કે તેઓ તેમના રાજીનામા માટેની બિનજરૂરી માંગ ઉઠાવી રહ્યા છે. ચૌહાણે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટી શરૂઆતથી જ તેમના રાજીનામાની માંગણી કરી રહી છે. મધ્યપ્રદેશને મુશ્કેલ સ્થિતિમાં મુકી દેનાર કોંગ્રેસના સંકજામાંથી મધ્યપ્રદેશ હવે મુક્ત થઈ ચુક્યું છે. શિવરાજસિંહ દિલ્હી પહોંચી ચુક્યા

છે. હાલમાં વ્યાપમ પ્રોફેશનલ સર્વિસ ભરતી કૌભાંડને લઈને તેમની હકાલપટ્ટીની માંગણી કરી રહી છે. શિવરાજસિંહ ચૌહાણે ગઈકાલે યુ ટર્ન લઈને સીબીઆઈ તપાસ માટેની તૈયારી દર્શાવી હતી. બીજી બાજુ મધ્યપ્રદેશ હાઈકોર્ટે આજે રાજ્ય સરકારની અરજી ઉપર સુનાવણી ૧૭મી જુલાઈ સુધી મોકૂફ કરી દીધી હતી અને કહ્યું હતું કે, આ મામલામાં એક જાહેરહિતની અરજી પહેલાથી જ સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ પડેલી છે. વિરોધ પક્ષોનો આક્ષેપ છે કે, આશરે ૪૫ લોકોના મોત આ કૌભાંડને લઈને થઈ ચુક્યા છે. વ્યાપમ એડમિશન અને ભરતી કૌભાંડ સાથે સંબંધિત મોટી સંખ્યામાં લોકો રહસ્યમય સંજોગોમાં મળી ચુક્યા છે. જુલાઈ ૨૦૧૩માં આ કૌભાંડના સંદર્ભમાં ઉંડી તપાસ હાથ ધરવામાં આવી હતી. આ કૌભાંડને કવર કરી રહેલા એક પત્રકાર સહિત પાંચ લોકોના મોત છેલ્લા એક સપ્તાહના ગાળામાં રહસ્યમય સંજોગો હેઠળ થઈ ચુક્યા છે. ચૌહાણ હાલ વિવાદના ઘેરામાં છે. એક પછી એક લોકોના મોત થઈ રહ્યા છે. છેલ્લા એક સપ્તાહમાં જ સૌથી પહેલા પત્રકાર અક્ષયસિંહ ત્યારબાદ મેડિકલ કોલેજના ડીન મૃતહાલતમાં મળીઆવ્યા હતા. ત્યારબાદ એક મહિલા પોલીસ અધિકારી પણ આત્મહત્યા કરેલી સ્થિતિમાં મળી આવ્યા હતા. વ્યાપમ કૌભાંડ હવે મોત કૌભાંડમાં ફેરવાઈ ચુક્યું છે. એક પછી એક આક્ષેપો કરવામાં આવી રહ્યા છે.

શારદા કાંડમાં ૧૦૦ કરોડની સંપત્તિ જપ્ત કરવાની કવાયત

કોલકાતા,તા. ૮

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા એક મહિનાની અંદર ૧૦૦ કરોડથી પણ વધુની શારદાની સંપત્તિ જપ્ત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. શારદાની સંપત્તિ ટાંચમાં લેવાની પ્રક્રિયા અંગે વિચારણા ચાલી રહી છે. ઈડીના અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, શારદા પોન્ઝી કૌભાંડની ગુનેગારી પ્રવૃત્તિથી લાભ મેળવી ચુકેલા લોકોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. અધિકારીઓનું કહેવું છે કે, સંપત્તિ ધરાવનાર લોકોની યાદી તૈયાર કરવામાં આવી રહી છે. આ સંપત્તિ જુદા જુદા લાભ લેનાર લોકોને ટ્રાન્સફર કરવામાં આવી હતી. સંપત્તિ જપ્ત કરવાની સાથે જ ઈડી દ્વારા ૧૧૦ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લેવામાં આવશે. ગુનેગારી પ્રક્રિયા મારફતે આ સંપત્તિ ખરીદવામાં આવી હતી. ઈડી દ્વારા મની લોન્ડરિંગ દ્વારા સંબંધિત ચાર્જશીટ દાખલ કરાશે કે કેમ તે અંગે પૂછવામાં આવતા તેમણે કહ્યું હતું કે, સીબીઆઈ કોર્ટ સમક્ષ તેની અંતિમ ચાર્જશીટ ક્યારે રજૂ કરે છે તે બાબત ઉપર તમામ બાબતો આધારિત રહેશે.

હજુ સુધી સીબીઆઈ દ્વારા ધરપકડ કરવામાં આવેલા લોકોની સામે ચાર પ્રાથમિક ચાર્જશીટ દાખલ કરવામાં આવી ચુકી છે. અંતિમ ચાર્જશીટમાં ધરપકડ નહીં કરવામાં આવેલા લોકોના નામનો ઉલ્લેખ પણ હોઈ શકે છે. તેમના જણાવ્યા મુજબ ઈડી દ્વારા સીબીઆઈની અંતિમ ચાર્જશીટમાં રહેલી માહિતી મેળવવામાં આવશે અને ત્યારબાદ મની લોન્ડરિંગ માટે પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. આ બાબત ખુબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે ઈડી તમામ બાબતોની ખાતરી કરવા માંગે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, એપ્રિલ ૨૦૧૩માં શારદા કેસમાં ઈડી દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી.

પુણેમાં જૂથ અથડામણ બાદ ગોળીબાર કરાયો

મસ્જિદ પર પથ્થરમારો થયા બાદ જોરદાર જૂથ અથડામણ

પુણે,તા. ૮

પુણેમાં જૂથ અથડામણ થયા બાદ ભારે વિસ્ફોટક સ્થિતિ ઉભી થઈ ગઈ છે. મસ્જિદ ઉપર પથ્થરમારાને

લઈને જૂથ અથડામણ થયા બાદ પોલીસને હવામાં ગોળીબાર કરવાની ફરજ પડી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ પાર્વતી જંકશન ખાતે મસ્જિદ ઉપર પથ્થરો ફેંકવામાં આવ્યા બાદ બે જૂથ વચ્ચે હિંસક અથડામણ ફાટી નિકળી હતી. ટોળાને વિખેરવા માટે પોલીસને લાઠીચાર્જ કરવાની ફરજ પડી હતી. ત્યારબાદ પોલીસને હવામાન ત્રણ રાઉન્ડ ગોળીબાર કરવાની ફરજ પડી હતી. પથ્થરમારામાં છ લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ મળ્યા છે. સાક્ષીઓએ માહિતી આપતા કહ્યું છે કે, ચારથી પાંચ લોકોએ ૧૦.૩૦ વાગ્યાની આસપાસ મસ્જિદ ઉપર જોરદાર પથ્થરમારો કર્યોહતો. કેટલાક લોકો નમાઝ અદા કરવા માટે એકત્ર થયા ત્યારે હિંસાની શરૂઆત થઈ હતી. અન્ય સંગઠન દ્વારા પણ વળતો હુમલો કરવામાં આવ્યો હતો. સામ સામે સભ્યો શેરીમાં આવી ગયા હતા. બંને પક્ષોનું નેતૃત્વ કરતા હજારો લોકો ભેગા થઈ ગયા હતા અને એકબીજા ઉપર પથ્થરમારો ચલાવ્યો હતો જેના કારણે કેટલાક વાહનોને પણ નુકસાન થયુંહતું. પોલીસ કમિશનર એકે પાઠકે માહિતી આપતા કહ્યું છે કે, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સંપૂર્ણપણે કાબૂ હેઠળ છે. પોલીસ કમિશનરે કહ્યું હતું કે, બે જુથને વિખેરવા માટે કેટલાક પગલા લેવાયા હતા. બનાવ બાદ પુરતી સંખ્યામાં પોલીસ ટુકડી તૈનાત કરવામાં આવી હતી. પોલીસ કમિશનર કેકે પાઠકે માહિતી આપતા કહ્યું હતું કે, અમે હિંસા અને સંપત્તિને નુકસાનનો ગુનો નોંધીને તપાસ કરી રહ્યા છે. આ વિસ્તારમાં કર્ફ્યુ લાદવાની કોઈ જરૂરીયાત દેખાતી નથી.

પોલીસ અધિકારીએ કહ્યું છે કે, પરિસ્થિતિ તંગ પરંતુ કાબૂ હેઠળ છે. ૮૦૦થી વધુ પોલીસ જવાનો કોઈપણ હિંસાને ટાળવા માટે તૈનાત કરી દેવામાં આવ્યા છે. પેટ્રોલિંગની પ્રક્રિયા ઝડપી બનાવી દેવામાં આવી છે. પોલીસ કાફલો પણ તૈનાત કરવામાં આવ્યો છે. વધારાના પોલીસ જવાનો અન્ય વિસ્તારોમાંથી મોકલવામાં આવ્યા છે.

ભારતની યોજનાની ખુબ પ્રશંસા કરવામાં આવી

મનરેગા વિશ્વના સૌથી મોટા લોક નિર્માણ કાર્યક્રમમાં ઈન

નવીદિલ્હી,તા.૮

ભારતની મહત્વકાંક્ષી યોજના મનરેગાને વિશ્વના સૌથી મોટા લોક નિર્માણના કાર્યક્રમમાં સામેલ કરવામાં આવતા ભારતના લોકોને ગર્વ થાય તેવી સ્થિતી સર્જાઈ છે. વિશ્વ બેંક દ્વારા કબુલાત કરવામાં આવી છે કે મનરેગા વિશ્વના સૌથી મોટા કાર્યક્રમ તરીકે છે. ભારતના ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનાના કાર્યક્રમ (મનરેગા)ને દુનિયાના સૌથી મોટા લોક નિર્માણ કાર્યક્રમ તરીકે ગણવામાં આવે છે. આ કાર્યક્રમ દેશની આશરે ૧૫ ટકા વસ્તીને સામાજિક સુરક્ષા ઉપલબ્ધ કરાવવાનૂ કામ કરે છે. વિશ્વ બેંક ગ્રુપ દ્વારા પોતાના

રિપોર્ટ ધ સ્ટેટ ઓફ સોશિયલ સેફ્ટી ૨૦૧૫માં આ તારણ આપ્યા છે. તેના કહેવા મુજબ ભારત મધ્ય આવક ધરાવનાર એવા પાંચ દેશોમાં સામેલ છે. જે દુનિયાના સૌથી મોટા સામાજિક સુરક્ષા કાર્યક્રમ ચલાવે છે. તેના કહેવા મુજબ દુનિયાના તમામ પાંચ દેશોમાં ચાલી રહેલા કાર્યક્રમમાં ભારતની યોજના અસરકારક રહી છે. ચીન, ભારત, દક્ષિણ આફ્રિકા અને ઈથિઓફિયા દ્વારા જેવા દેશોમાં આવી સ્કીમ ચાલી રહી છે. ભારતની મનરેગા સ્કીમ સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયેલા છે. ગ્રામીણ વિસ્તારમાં આ સ્કીમ ખુબ અસરકારક સાબિત થઈ છે. સ્કીમ આવનાર દિવસોમાં વધુ અસરકારક બનાવવા તરફ ધ્યાન આપવામાં આવી શકે છે. જે પાંચ દેશોમાં કાર્યક્રમ ચાલી રહ્યા છે તે કાર્યક્રમ ૫૨.૬ કરોડ લોકો સુધી પહોંચે છે. તેના કહેવા મુજબ લોક નિર્માણ કાર્યક્રમમાં ટોપ પર મનરેગા છે. જે દેશની વસ્તીના ૧૫ ટકા વિસ્તારને આવરી લે છે. એટલે કે ૧૮.૨ કરોડ લોકોને લાભ આપે છે. બીજી સૌથી મોટી યોજના તરીકે મધ્યાન ભોજન યોજના છે. જેનાથી પણ મોટી સંખ્યામાં સ્કુલી બાળકો જોડાયેલા છે. મધ્યાન ભોજન મારફતે સ્કુલ સુધી બાળકોને લાવવામાં મદદ મળી છે.

શેરબજારમાં કડાકો : ૪૮૪ પોઈન્ટનો મોટો ઘટાડો થયો

મુંબઈ,તા. ૮

ચીની શેરબજારમાં તીવ્ર કડાકાની સીધી અસર આજે ભારતીય શેરબજાર ઉપર પણ જોવા મળી હતી. કારોબારના અંતે આજે સેંસેક્સ ૪૮૪ પોઈન્ટ ઘટીને ૨૭૬૮૭ની નીચી સપાટીએ પહોંચ્યો હતો જ્યારે નિફ્ટી ૧૪૭ પોઈન્ટ ઘટીને ૮૪૦૦ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં આજે મંદી માટે કેટલાક કારણો જવાબદાર રહ્યા હતા. બીએસઈ મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ક્રમશઃ ૧૦૮૭૭ અને ૧૧૩૫૧ની સપાટીએ રહ્યા હતા. બંનેમાં ૧.૩ ટકાનો ઘટાડો રહ્યો હતો. માર્કેટ બ્રીડ્થ ખુબ જ નકારાત્મક રહી હતી જેમાં ૧૮૧૪ શેરમાં મંદી અને ૯૧૨ શેરમાં તેજી રહી હતી. ચીની શેરબજારમાં આજે ૬.૨ ટકાનો નોંધપાત્ર કડાકો બોલાઈ ગયો હતો. મૂડીરોકાણકારો બેજિંગથી સપોર્ટ પગલાને લઈને દુવિધાભરી સ્થિતિમાં છે. યુએસ ફેડરલ ઉપર તમામનું ધ્યાન કેન્દ્રિત થઈ ગયું છે જે આજે મળનાર છે અને જેમાં વ્યાજદરના સંદર્ભમાં નિર્ણય કરવામાં આવનાર છે. એશિયન બજારમાં ભારે જટિલ સ્થિતિ રહી હતી. હેંગસેંગમાં ૬.૬ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૨૩૪૨૮ રહી હતી જ્યારે શાંઘાઈમાં છ ટકાનો ઘટાડો રહેતા તેની સપાટી ૩૫૦૬ રહી હતી. નિક્કી, તાઈવાન ઈન્ડેક્સમાં ૩-૩ ટકાની આસપાસનો ઘટાડો રહ્યો હતો. સ્ટ્રેટ ટાઈમ્સ, કોસ્પી અને સેટ કમ્પોઝિટમાં એક એક ટકાનો ઘટાડો રહ્યો હતો. તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં મંદી રહી હતી. ઓટો અને મેટલ અને બેંકિંગ કાઉન્ટરોમાં સૌથી મોટો ઘટાડો રહ્યો હતો. તમામ ૫૦ નિફ્ટી શેર મંદીમાં રહ્યા હતા. વેદાંતા, તાતા મોટર્સ, તાતા સ્ટીલ, એચડીએફસી, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, ઈન્ફોસીસમાં મોટો ઘટાડો રહ્યો હતો. મેટલ ઈન્ડેક્સમાં ચાર ટકાની આસપાસનો ઘટાડો જોવા મળ્યો હતો. શેરબજારમાં બે દિવસથી ચાલી રહેલી તેજી ઉપર ગઈકાલે બ્રેક મુકાઈ હતી. કારોબારના અંતે સેંસેક્સ ૨૩ પોઈન્ટ ઘટીને ૨૮૧૮૫ની સપાટીએ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૭ પોઈન્ટ ઘટીને ૮૫૧૫ની સપાટીએ રહ્યો હતો. શેરબજારમાં ફરી એકવાર મંદી માટે કેટલાક કારણો મુખ્યરીતે જવાબદાર રહ્યા હતા. સેક્ટરલ મોરચે જોવામાં આવે તો બીએસઈ પાવર, બીએસઈ આઈટી, કેપિટલ ગુડ્ઝ ઈન્ડેક્સમાં ઘટાડો રહ્યો હતો જ્યારે કન્ઝ્યુમર ડ્યુરેબલ, હેલ્થકેર ઈન્ડેક્સમાં ઘટાડો જોવા મળ્યો હતો. ફોરેન પોર્ટફોલિયો રોકાણકારો દ્વારા સોમવારના દિવસે ૧૪૯.૩૭ કરોડની કિંમતના શેર ખરીદી લેવામાં આવ્યા હતા. બેંકિંગ શેરમાં પણ હકારાત્મક સ્થિતિ રહી હતી. આરબીઆઈ દ્વારા વ્યાજદરમાં કાપ મુકવામાં આવશે કે કેમ તેને લઈને હાલમાં ભારે ચર્ચા જોવા મળી રહી છે. એક મહિના પહેલા સામાન્ય કરતા વધુ વરસાદ થયો હતો. બીજી બાજુ પ્રથમ ત્રિમાસિક કમાણીની સિઝન પણ શરૂ થઈ રહી છે. એપ્રિલ-જૂનના પરિણામ ગુરુવારના દિવસે ટીસીએસ દ્વારા જાહેર કરવામાં આવનાર છે.

બજરંગી ભાઈજાન નજીવા ફેરફારની સાથે પાસ કરાઈ

મુંબઈ, તા.૮

કરીબ ખાનની બજરંગી ભાઈજાન ફિલ્મને સેન્સર બોર્ડે પાસ કરી દીધી છે. ફિલ્મમાં પાંચ બિન જરૂરી સીનને કાપી દેવામાં આવ્યા છે. હવે આ ફિલ્મ રજૂઆત માટે મંજુરી મેળવી ચુકી છે. યુ/એ પ્રમાણપત્ર સાથે સેન્સરબોર્ડે આ ફિલ્મને મંજુરી આપી દીધી છે. સલમાન ખાન અભિનીત આ ફિલ્મ હવે ઈદના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ગૃહમંત્રાલય દ્વારા આપવામાં આવેલી બાતમી બાદ સેન્સર બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા ઘણા બધા અટકાયતી પગલા લીધા છે. વિવાદને ટાળવાના હેતુસર આ પગલા લેવામાં આવ્યા છે. સંવેદનશીલ વિષય ઉપર આ ફિલ્મ આધારિત છે. કેન્દ્રીય ગૃહમંત્રાલય દ્વારા સીબીએફસીને રજૂઆત કરવામાં આવી હતી. સિનેમાટોગ્રાફી એક્ટ ૧૯૫૨ હેઠળ જોગવાઈનો કોઈ ભંગ કરવામાં આવ્યો નથી. ફિલ્મની સમીક્ષા કરવામાં આવી ચુકી છે. બોર્ડમાં બે મુસ્લિમ સભ્યો પણ સેન્સર બોર્ડ દ્વારા રોકવામાં આવ્યા હતા. યોગ્ય કાપ સાથે પ્રમાણપત્રની પ્રક્રિયાને પૂર્ણ કરવામાં આવે તેની ખાતરી કરવા પાંચ વધુ સભ્યોની સાથે કમિટિમાં બે મુસ્લિમ સભ્યોને પણ રોકવામાં આવ્યા હતા. આ ફિલ્મમાં કરીના કપૂર, નવાઝુદ્દીન સિદ્દીકી, સલમાન ખાનની મુખ્ય ભૂમિકા છે. આ ફિલ્મની પટકથા ખુબ જ સંવેદનશીલ છે જેના ભાગરુપે જેમાં પાકિસ્તાનની યુવતીની પટકથા રજૂ કરવામાં આવી છે જે સરહદની ભારતીય બાજુમાં આકસ્મિકરીતે ઘુસી જાય છે અને બજરંગી પાસેથી મદદ માંગે છે. સલમાન તેને સુરક્ષિતરીતે પાકિસ્તાન પરત પહોંચાડે છે. આ ફિલ્મની પટકથા ચાહકોને ગમી જાય તેમ માનવામાં આવે છે.

હિમાચલ : ભારે વરસાદ બાદ એલર્ટની જાહેરાત

સિમલા, તા. ૮

હિમાચલ પ્રદેશના જુદા જુદા ભાગોમાં અતિ ભારે વરસાદના પરિણામ સ્વરુપે હાઈએલર્ટની ચેતવણી જારી કરવામાં આવી છે. છેલ્લા બે દિવસથી હિમાચલ પ્રદેશના તમામ જિલ્લાઓમાં ભારે વરસાદ પડી રહ્યો છે. કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદના કારણે જનજીવન ખોરવાઈ ગયું છે. છેલ્લા ૨૪ કલાકમાં કાંગરા જિલ્લામાં અતિ ભારે વરસાદ થઈ ચુક્યો છે. હવામાન વિભાગના ડિરેક્ટર મનમોહનસિંહે માહિતી આપતા કહ્યું છે કે, હાઈએલર્ટની જાહેરાત પહેલાથી જ કરવામાં આવી ચુકી છે. હિમાચલ પ્રદેશમાં આગામી ચાર પાચં દિવસમાં ભારે વરસાદ પડી શકે છે. હિમાચલ ઉપરાંત દેશના અનેક ભાગોમાં પણ ભારે વરસાદ થઈ રહ્યો છે.

વિમ્બલ્ડનમાં રડવાન્સ્કા સેમીફાઈનલમાં

લંડન,તા.૮

લંડનમાં ઓલ ઈંગ્લેન્ડ ક્લબ ખાતે રમાઈ રહેલી વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપમાં મહિલા વર્ગમાં સ્પર્ધા વધારે રોમાંચક બની રહી છે. આજે મહિલાઓના વર્ગમાં રડવાન્સ્કાએ ક્વાર્ટર ફાઈનલ મેચમાં જીત મેળવી સેમીફાઈનલમાં કુચ કરી હતી. હવે તે સેમીફાઈનલ મેચમાં ગુરૂવારે ગરબાઈન મુગુરુઝા સામે

ટકરાશે. રડવાન્સ્કાએ ક્વાર્ટર ફાઈનલ મેચમાં અમેરિકન ખેલાડી મેડિસન કેસ સામે જીત મેળવી હતી. ચાર વર્ષમાં ત્રીજી વખત તે સેમીફાઈનલમાં પહોંચી ગઈ છે. વર્ષ ૨૦૧૨માં તે રનર્સઅપ ખેલાડી રહી હતી. મહિલા વર્ગમાં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચનાર મુગુરુઝા ત્રણ અમેરિકન ખેલાડી પૈકીની એક ખેલાડી હતી. અન્ય અમેરિકન ખેલાડી જે ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી છે તેમાં સેરેના વિલિયમ્સ અને વેન્ડેવેઘનો સમાવેશ થાય છે.પુરૂષોના વર્ગમાં ચાર ખેલાડીની ટાઈટલ પર નજર કેન્દ્રિત થઈ ગઈ છે. પુરૂષોના વર્ગમાં રોજર ફેડરર અને એન્ડી મરેએ પોત પોતાની મેચ જીતીને ક્વાર્ટર ફાઈનલમાં આગેકુચ કરી લીધી છે. સાત વખતના ચેમ્પિયન રોજર ફેડરરે સ્પેનના રોબર્ટો પર સીધા સેટોમાં ૬-૨, ૬-૨ અને ૬-૩થી જીત મેળવી હતી. જ્યારે એન્ડી મરેએ તેના હરિફ ખેલાડી ક્રોએશિયાના ઈવો કારલોવિક પર ૭-૬, ૬-૪, ૫-૭ અને ૬-૪થી જીત મેળવી હતી. જ્યારે ૩૩ વર્ષીય રોજર ફેડરરને તેની મેચ જીતી લેવામાં માત્ર ૯૬ મિનિટનો સમય લાગ્યો હતો. ફેડરર હવે ક્વાર્ટર ફાઈનલ મેચમાં ફ્રાન્સના ૧૨મા ક્રમાંકિત ખેલાડી સિમોન સામે રમનાર છે. સિમોન પર ફેડરર ૫-૨ની કેરિયર લીડ ધરાવે છે.મરેએ કારલોવિક પર ૭-૬,૬-૪,૫-૭,૬-૪થી જીત મેળવી હતી. આની સાથે જ તે સતત આઠમા વર્ષમાં ક્વાર્ટર ફાઈનલમાં પહોંચી ગયો હતો. વર્ષ ૨૦૧૩મા ચેમ્પિયન બનેલો મરે હવે ક્વાર્ટર ફાઈનલમાં કેનેડાના વાસેક પોસપિસિલ સામે રમશે. વિમ્બલ્ડન ટેનિસ ચેમ્પિયનશીપ હવે વધારે રોમાંચક બની છે.

અમેરિકા સેનાથી ૪૦૦૦૦ જવાનોને છુટા કરવા તૈયાર

વોશિગ્ટન,તા. ૮

અમેરિકામાં સેનામાંથી હવે ૪૦૦૦૦ જવાનોને છુટા કરવામાં આવનાર છે. ઘરઆંગણે અને વિદેશમાં ફરજ બજાવી રહેલા અમેરિકી જવાનોની સંખ્યા ઓછી કરવામાં આવનાર છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અમેરિકા દ્વારા તૈયાર કરવામાં આવેલી આ હિલચાલ અને યોજનાને લઈને વિરોધ થાય તેવી શક્યતા છે. આ હિલચાલ યુદ્ધ લડવા માટેની તેની ક્ષમતાને લઈને પણ પ્રશ્ન ઉઠે તેવી શક્યતા છે. કોસ્ટ કટિંગ પ્લાન હેઠળ વર્ષ ૨૦૧૭ના બજેટ વર્ષ દરમિયાન અમેરિકા તેના જવાનોની સંખ્યામાં ઉલ્લેખનીય રીતે ઘટાડો કરશે. સેનિકોની સંખ્યા ૪૫૦૦૦૦ કરી દેવામાં આવનાર છે. અમેરિકામાં કેટલાક અખબારોમાં દાવો કરવામાં આવ્યો છે કે અફઘાનિસ્તાન અને ઈરાકમાં મોટી સંખ્યામાં સેનિકો યુદ્ધ લડી ચુક્યા છે. અમેરિકી મિડિયા અહેવાલમા દાવો કરવામાં આવ્યો છે કે સેના માટે કામ કરનાર આશરે ૧૭૦૦૦ લોકોને પણ લે ઓફ આપી દેવામાં આવનાર છે. ઓક્ટોબરમાં કાપ મુકવાની શરૂઆત થાય તેવી શક્યતા દેખાઈ રહી છે.અમેરિકા છેલ્લા કેટલાક વર્ષોમાં જુદા જુદા દેશોમાં યુદ્ધમાં વ્યસ્ત રહ્યું છે. જેમાં ઈરાક, અફઘાનિસ્તાન અને અન્ય દેશોનો સમાવેશ થાય છે. ત્રાસવાદ સામે અમેરિકાએ લાંબી લડાઈ લડી છે. જ્યારે ઈરાકમાં પણ અમેરિકા દ્વારા લાંબી લડાઈ લડવામાં આવી છે. ઉપરાંત અફગાનિસ્તાનમાં તાલિબાન સામે પણ અમેરિકી જવાનોએ લાંબી લડાઈ રહી હતી. અમેરિકી પ્રમુખ બરાક ઓબામા દ્વારા પણ સંરક્ષણને લઈને કેટલીક નવી અસરકારક નિતી હવે તૈયાર કરવામાં આવી રહી છે. જે ઉપયોગી રહી શકે છે.